

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




નિકળી પડો મંદિરોમાં લઇને ભગવો!
ને કેગના રિપોર્ટથી કાગારોડ જગવો!
ભજવો તમે પણ સફાઇ જેવાં નાટક -
ઉચાટ શેનો! તમે ગોડસે જયંતી ઉજવો!
(સમીકરણ બદલાયાં)




એક દિ'જો જો!
થૈ જશે હલ્દી ઘાટ -
આ રાજઘાટ..
(સમાધિઓ...)

છે તાણખેંચ,
સ્વાતંત્ર્ય નેતાઓની -
રાજકારણ!
(પક્ષા-પક્ષી ત્યાં નહીં પરમેશ્વર)

## ચિંતન

**વેશ્યાનામિઘ વિદ્યાનાં મુખંકઃ કૈર્ન ચુંમ્બિતમ્ ।**
**હૃદયગ્રાહિણસ્તાસાં દ્વિત્રાઃ સંતિ ન સન્તિ વા ॥**

વેશ્યાઓન જેમ, વિદ્યાઓના મુખ કોણે ચૂમ્યાં નહીં હોય? અર્થાત વિદ્યારસનું પાન હાલતાં-ચાલતાં પણ મનુષ્ય કરતો રહે છે જેમ કે કોઇ પુસ્તકની પ્રસ્તાવના અવલોકન વાંચીને પણ તેનું સારતત્ત્વ પામી લેતો હોય છે અને નાસ્તો કરતાં કરતાં આવેલી પસ્તીના કાગળ પરનું કાવ્ય પણ વાંચી એનો રસાસ્વાદ લઇ લે છે.

પરંતુ આવી ચલાયમાન ચારિત્ર્યવાળી વેશ્યાનું હૃદય પણ કાયમી રીતે જીતી શકે એવા વીરલા બહુ ઓછા હોય છે. ('પ્યાસા' ફિલ્મનું કવિનું પાત્ર યાદ કરો જેણે વેશ્યાનું હૃદય જીતી લીધું હતું)

સાહિત્યિક પુસ્તકોમાં મનપસંદ-હૃદયને જીતી પુસ્તકો જૂજ હોય છે. કોલેજકાળમાં શરદ ગ્રંથાવલિ એ વાચનશોખથી હૃદયની ભાવનાઓને ઋજુતા આપી કોમળ બનાવી, રડવાની ઇચ્છા થાય ત્યારે વારંવાર 'કાશીનાથ'વાંચી - હૃદયમાં ધ્રૂજારી ઉત્પન્ન કરે એવી વાર્તા - સંવેદનાને પકડી શકનારા જૂજ હોય છે.

## સુવિચાર

- વ્યક્તિ મનનો આનંદ ઝંખે છે, જે કંઇ કામ કરે તેમાં સંતોષ ઝંખે છે, કામનો પોતાનો એક આનંદ છે એ આનંદ જિંદગી મજાની બનાવે છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જૂનું એટલું બધું જ સોનું નથી, અને નવું એટલું બધું જ કથીર નથી.. આ વાત દિલથી સમજાય તો જૂની નવી પેઢી વચ્ચેનું અંતર ઘટે **- એસ. ભટ્ટાચાર્ય**
- આપણી આસપાસના માણસોમાં પ્રભુને જોવો એ પ્રેમ છે, આપણી અંદર પ્રભુને જોવો એ ધ્યાન છે **- અરવિંદ**
- અણગમતા સંબંધોને પૂર્ણવિરામ આપો.. અણગમતા અને લુચ્ચા માણસોથી દૂર રહેવું એટલે સ્વાસ્થ્યની કાળજી લેવી **- નવનીત**
- પોતાના પૂર્વગ્રહોને વિચારધારા ન બનાવતા **- મૃગેશ વૈષ્ણવ**
- તમારો મિત્ર એ તમારા અભાવોની પૂર્તિ છે **- ખલીલ જિબ્રાન**
- જો 'તારા' આકાશની કવિતા છે, તો 'માતા' પૃથ્વીની કવિતા છે **- સુરેશ દલાલ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે દાન આપતા હોઇએ છીએ એમાં પણ આપણા દૃષ્ટિકોણ, સ્વભાવ, હેતુ અને ધ્યેય પ્રતિબિંબિત થયા કરે છે. કાળા બજારિયા જે દાન આપે છે તે બાકીનું નાણું 'સફેદ' કરાવવાની દૃષ્ટિથી, કોઇ નામના-તકતી-માન સન્માન-કોઇ ઈર્ષા કે દેખાદેખીથી - આવ દરેકને વૃત્તિ-દૃષ્ટિ પોતાના સ્વાર્થ આધારિત હોય છે નહીં તો 'ગુપ્ત દાન' જ ન કરે?

વિદેશમાં બાઇબલના વર્ગ ચાલતા હતા. જેમાંથી બાળકોને પ્રસંગોપાત ઉક્તિઓ ટાંકવાની સ્પર્ધા રાખવામાં આવતી. બાળકોને માટે એક દાનપેટી રાખવામાં આવી હતી. જેમાં જાતકમાઇના પૈસા દાન સ્વરૂપે નાખવાનાં હતા. પૈસા સાથે કવરમાં દાન માટે લખાયેલી કોઇ ઉક્તિ-વિચાર પણ લખવાનો હતો. જેના દ્વારા બાળક કઇ-કેવી વૃત્તિથી દાન આપે છે એ જાણવાનો પણ હેતુ હતો :

લ્યૂકાસે લખ્યું : દાન લેનાર કરતાં આપનારનો હાથ સદા ઊંચો રહે છે.

રિચાર્ડે લખ્યું : હસતે ચહરે કરેલું દાન પ્રભુને પ્રિય લાગે છે.

લોઇડે લખ્યું : મૂર્ખ તેના પૈસા ખૂબ જલ્દીથી કોઇ પણ ફાયદા વિના ગુમાવી દે છે.

શિક્ષિકા બાળકોની મનોસ્થિતિ અને દૃષ્ટિથી દંગ થઇ ગયાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# દક્ષિણ આફ્રિકાનું પિટ્‌રમારિત્ઝબર્ગ રેલ્વે સ્ટેશન : રંગભેદને કારણે ગાંધીજીને જ્યાંથી ફેંકી દેવાયા હતા

**- સ્મરણ**

**ગાંધીનગરના જાણીતા સર્જક અને પૂર્વ સંયુક્ત માહિતી નિયામક નટુભાઇ પરમારે દક્ષિણ આફ્રિકાના પીટર મારિત્સબર્ગ રેલ્વે સ્ટેશનની પ્રત્યક્ષ મુલાકાત લઇ લખાયેલ લેખ અને તસ્વીરો રજુ કરીએ છીએ.**

**- સંપાદક**


## સ્મરણ

**- નટુભાઈ પરમાર**

૧૮૮૮ના વર્ષે મોહનદાસ ગાંધી બેરીસ્ટર (વકીલ) થવા માટે વિદેશ જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે, તેમનો આખો સમાજ એ કારણે નારાજ થયેલો કે જુવાનિયા વિદેશ જઈને દારુ-માંસાહારનું સેવન કરીને બગડી જતા હોય છે. તો પણ વિલાયત જતાં પહેલાં રાજકોટમાં જ માતા પૂતળીબાઈને વચન આપતાં મોહનદાસે કહ્યું હતું કે, 'મા, હું વિલાયત જઈને પણ દારૂ - માંસાહારથી દૂર રહીશ અને તને કપાદિ નહિ છેતરું.' સામે માતાએ પણ પુત્રના શબ્દોમાં વિશ્વાસ પડતાં, જૈન મુનિશ્રીને બોલાવીને મોહનદાસ ગાંધી પાસે માંસ-મદિરા અને પર સ્ત્રી સંગથી દૂર રહેવાની ત્રણ પ્રતિજ્ઞાઓ લેવડાવી હતી અને તે પછી, રાજકોટથી જ મોહનદાસ ગાંધીએ વિલાયત જવા પ્રયાણ કર્યું હતું.

વકીલાત પૂર્ણ કરીને ૧૮૯૧ની સાલમાં બેરિસ્ટર બનીને યુવા મોહનદાસ ગાંધી પરત રાજકોટ આવ્યા ત્યારે માતા પૂતળીબાઈ (આજના રાજકોટના ક.બા. ગાંધીના ડેલા ખાતે) અવસાન પામ્યા હતા. મોહનદાસ ગાંધીને જીવનભર એ વાતનો રંજ રહ્યો કે, વિદેશમાં રહીને એમણે માતાની ત્રણેય આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન કર્યું હતું અને એ વાત માતાને હર્ષભેર એમણે કહેવી હતી. પણ અફસોસ, એ સાંભળવા માતા હયાત ન હતી.

વિશ્વની વિરાટ વિભૂતિ તરીકે મહાત્મા ગાંધી - મોહનદાસ કરમચંદ ગાંધીના જીવન-કવનની, એમના સત્યના પ્રયોગો, સ્વતંત્રતા આંદોલનના મહાનાયકની ગાથા જગતભરમાં પ્રસરેલી છે. પણ આજે મારે અહીં વાત કરવી છે, દક્ષિણ આફ્રિકાના પીટરમારિત્સબર્ગ રેલ્વે સ્ટેશનની, કે જ્યાંથી ગાંધીને પોતાની પાસે (ફર્સ્ટ ક્લાસની) ટિકિટ હોવા છતાં રેલ્વેના ફર્સ્ટ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાંથી ધક્કો મારીને ફેંકી દેવાયા હતા. તે સ્થળની હાલમાં જ મેં તા.૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ મુલાકાત લીધી હતી.




૧૮૯૧માં પરત આવીને બેરિસ્ટર ગાંધીએ રાજકોટમાં (આજના પંચનાથ મંદિર પાસે) પ્રેક્ટિસ શરૂ કરી હતી. આ દરમિયાન મે-૧૮૯૩માં પોરબંદરના જ એક વ્યાવસાયિક શેઠ અબ્દુલા કે જેમની દક્ષિણ આફ્રિકામાં પેઢી હતી, તેમની પેઢીના કેસોની વકીલાત કરવાનું નિમંત્રણ મળતાં, યુવા ગાંધી રાજકોટથી જ દક્ષિણ આફ્રિકા જવા રવાના થયા હતા અને ૧૮૯૩થી ૧૮૯૬ એમ ત્રણ વર્ષ સુધી તેઓએ દક્ષિણ આફ્રિકામાં તેમના માટે વકીલાત કરી હતી અને બે દાયકા ઉપરાંતનો સમય દક્ષિણ આફ્રિકામાં ગાળ્યો હતો. આ દક્ષિણ આફ્રિકાનું જ એક શહેર અને માત્ર ગાંધી જ નહિ આખા ભારત વર્ષ માટે એક 'ટર્નિંગ પોઈન્ટ'નું નિમિત્ત બનનાર શહેર એટલે પીટરમારિત્સબર્ગ - Pietermaritzburg.

મારા પુત્રની જોહાનિસબર્ગ (દ. આફ્રિકા)માંની ત્રણેક માસની પ્રતિનિયુક્તિ પરની સેવાઓને કારણે પંદરેક દિવસ મારે ત્યાં રહેવાનું થયું ત્યારથી જ મારી તીવ્ર મહેચ્છા હતી, આ શહેર અને એના રેલ્વે સ્ટેશનની મુલાકાત લેવાની. જોહાનિસબર્ગથી ૫૦૦ કિ.મી. (ડરબન તરફ) દૂર આવેલા પીટરમારિત્સબર્ગ સ્ટેશને સાંજના ચારેક વાગ્યે હું પહોંચી ગયો. બે દિવસ પહેલાં જ પીટરમારિટ્ઝબર્ગના વન્ય વિસ્તારમાં લાગેલી ભારે આગ આ શહેરના જૂજ રહેણાંક વિસ્તારો સુધી પણ પહોંચી હતી અને ભારે બચાવ કામગીરીને કારણે શહેરમાં એક પ્રકારની સ્તબ્ધતા - અજંપો છવાયેલો હું અનુભવી રહ્યો હતો. ઝડપભેર પગલાં ઉપાડી હું ઘૂસ્યો એના ખાલીખમ્મ રેલ્વે સ્ટેશનમાં. ગોરાઓ (Whites) દ્વારા, પોતાની પાસે રેલ્વેના પ્રથમ વર્ગના કમ્પાર્ટમેન્ટની ટિકિટ હોવા છતાં, રંગભેદને અનુસરીને એશિયન બ્લેક એવા ગાંધીને એમાંથી ઉતરી જવાની, અને / નહિ તો તેમને કમ્પાર્ટમેન્ટથી ફેંકી દેવાની ચીમકી સામે પણ, નીચે નહિ ઉતરેલા ગાંધીને એ પ્રથમ વર્ગના કમ્પાર્ટમેન્ટમાંથી સામાન સાથે પ્લેટફોર્મ પર ફેંકી દેવાયા હતા. આ ઐતિહાસિક પ્રસંગની નાની-અમથી નોંધ લેતી એક તકતી (શિલાલેખ) ત્યાં જડાયેલી મેં જોઈ. સાતેક લીટીમાં એનું લખાણ છે : 'મહાત્મા ગાંધી : આ શિલાલેખ ૭ જૂન ૧૮૯૩ના બનાવ સંબંધે છે, જ્યારે એક યુવાન વકીલ મોહનદાસ ગાંધીને, નાતાલ સરકારની રેલ્વે ટ્રેઈનના પ્રથમ વર્ગના ડબ્બામાંથી ફેંકી દેવાયા હતા. આ પ્લેટફોર્મ પરના પ્રસંગે ગાંધીજીને એમની રાજકીય કારકીર્તિ તરફ દોર્યા અને એ પછી તેઓ ૨૦મી સદીના મહાનાયક બની રહ્યા.'

આ જ તક્તીની પાસેની દિવાલે બીજી એક તકતીમાં આપણા તે સમયના રાષ્ટ્રપતિ પ્રો. એ. પી. જે. અબ્દુલ કલામે આ સ્થળની મુલાકાત લીધી હોવાની ગવાહી દેતી બીજી એક તકતી છે. એની પાસે જ અડધા કાચના બારણા સાથેનો એક વેઈટીંગ રૂમ છે, જ્યાં મોહનદાસ ગાંધી એ ઘટનાના દિવસે બેઠા હતા. મારા કુતુહલ-જિજ્ઞાસાને હું રોકી ન શક્યો. કાચના દરવાજામાંથી જોયું તો બે લઘર-વઘર આફ્રિકન (બ્લેક) ભુલકાંઓ અંદર રહી આશ્ચર્યથી મને તાકતા હતા. અંદર એક લાકડાનો બાંકડો હતો અને ઉપર ૨૦ x ૩૦ ઈંચની એક સાધારણ ફ્રેમમાં ગાંધીજીનો હસતો ફોટો દૃશ્યમાન હતો. હું બારણું ખોલીને વેઈટીંગ રૂમની અંદર ગયો, તો પેલા બે બાળકોની એમના જેવી જ લઘર-વઘર ગરીબ આફ્રિકન (બ્લેક) માતા પણ એના ગાંસડી વાળેલા કપડાંના બાચકા સાથે ખૂણામાં બેઠી હતી. મને જોઈને એણે બધું સમેટવા માંડ્યું. પણ મેં ઈશારાથી એને ના કહી. વેઈટીંગરૂમમાં બાપુના એ ફોટા નીચે અને તેઓ બેઠેલા એ બાંકડા પર બેસી મેં તસવીરો પડાવી. આખાય રેલ્વે પ્લેટફોર્મ અને રેલ્વે સ્ટેશનની તસ્વીરો લીધી. મારું મન ખિન્નભાવ અનુભવતું હતું અને એ મને સતત પ્રશ્નો કરતું હતું કે, ન માત્ર ભારતને સ્વતંત્રતા અપાવવા સારું, પરંતુ ખુદ આફ્રિકન બ્લેક્સ (કાળા આફ્રિકનો) માટે પણ સ્વતંત્રતાની અહિંસક લડાઈની ચીનગારી ચેતવનારા, મહાત્મા ગાંધી માટે, આ આફ્રિકા દેશે શા માટે એમને શોભે એવું સ્મારક અહીં નહિ બનાવ્યુ ંહોય ? આવડી મોટી ઘટનાનું મૂલ્ય દેશ આફ્રિકાને શું હજી સમજાયું જ નહિ હોય ? મહાત્મા ગાંધીની અમીટ પ્રતિમાને બદલે, કોઈ ગમે ત્યારે તોડી દઈ શકે એવો એક માત્ર ફોટો જ ?

છેક ૧૯૮૮માં દ. આફ્રિકાના પ્રવાસે આવેલા આપણા એક અને અનન્ય લેખક ચન્દ્રકાન્ત બક્ષીએ પણ એમના 'દક્ષિણ આફ્રિકા' પુસ્તકમાં ગાંધીજીના પ્રસંગો વિશે લખ્યું છે: "ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકા આવ્યા ત્યારે ૨૪ વર્ષના હતા અને જ્યારે એમણે દ. આફ્રિકાને હંમેશને માટે છોડ્યું ત્યારે એ ૪૫ વર્ષના હતા અને આ ૨૧ વર્ષના ગાંધીજીવન વિશે અભ્યાસીઓએ ખાસ ઊંડાણપૂર્વક લખ્યું નથી" (પૃષ્ઠ ૭૭).

(ક્રમશઃ)

# સંશોધકોના મતે મેદસ્વી લોકો સાથે ખાવાથી આપણે વધારે પડતું બિનઆરોગ્યપ્રદ ભોજન ખાઇ લેતા હોઇએ છીએ! મેદસ્વી લોકો તેમની સાથે ભોજન કરનારાઓને અવળે માર્ગે (!) દોરી જતા હોય છે!

## MAKE IN KITCHEN!

### હળવાશની ક્ષણોમાં!

-ચિત્રસેન શાહ

આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'Make in india' અભિયાન પરથી પ્રેરાઇને આજના લેખને શિર્ષક અપાયું છે - 'Make in Kitchen!'

હકીકતમાં એક ન્યૂઝપેપરમાં વાંચેલ સમાચાર પરથી આ લેખ લખવાનો વિચાર આવ્યો છે.

તમે પણ વાંચો એ સમાચાર -

'વજન ઉતારવું છે? તો ફક્ત પાતળા મિત્રો સાથે જ જમો!'

એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે તમે કેટલું ખાઓ છો તેનો આધાર તમે કોની સાથે ખાવાનું ખાઓ છો તેના પર વિશેષ રહ્યો છે! સંશોધકોના મતે મેદસ્વી લોકો સાથે ખાવાથી આપણે વધારે પડતું બિનઆરોગ્યપ્રદ ભોજન ખાઇ લેતા હોઇએ છીએ! મેદસ્વી લોકો તેમની સાથે ભોજન કરનારાઓને અવળે માર્ગે (!) દોરી જતા હોય છે!

એ લોકો વિચારતા હોય છે - 'ચાલો, આને પણ આપણી નાતમાં ભેળવીએં! મેદસ્વીતાની તકલીફ આપણે એકલા જ શા માટે ભોગવીએં!'

અને તમે માર્ક કરજો દરેક ફીલ્ડમાં દરેક સંપ્રદાય કે સમુદાયના લોકો પોતાના સંપ્રદાય કે સમુદાય કઇ રીતે ફેલાય તે જ વિચારતા હોય છે! ન્યૂઝ પેપરના અગાઉ જણાવ્યા પ્રમાણેના સમાચાર વાંચી અમારા મિત્રે મજાકમાં કહ્યું, 'હોટલ કે રેસ્ટોરન્ટમાં 'સુમો' સાથે ન જવાય કારણ કે નહીં તો રેસ્ટોરન્ટમાંથી બહાર આવતી વખતે આપણે પણ ચર્ચા 'સુમો' જેવા તો થઇ જ ગયા હોઇએં!' રેસ્ટોરન્ટમાં જવા 'સુમો' નહીં પણ 'સુદામા' કામ લાગે! કારણ કે 'સુમો' આગ્રહ કરી કરીને 'પનીર'ની આઇટેમ ખળડાવે જયારે સુદામો 'તાંડુલ' ખળડાવે!

છેલ્લા કેટલાક વર્ષોથી હોટલ-રેસ્ટોરંટમાં જવાનો ક્રેઝ વધ્યો છે! અવારનવાર વારે-તહેવારે અને કોઇ પણ પ્રસંગના બહાને લોકોને 'જંકફુડ' ખાવાની આદત પડી ગઇ છે!

પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં આ ફુડ બિનઆરોગ્યપદ સ્થિતિમાં છે અને બિન આરોગ્યપદ રીતે તૈયાર થતું હોય છે! તદ્દન નોન-હાઇજેનિક તેના કીચન જો ભૂલેચૂકે એકવાર પણ જોવાઇ જાય તો કોઇ પણ 'ડાહ્યો' માણસ બીજી વાર તે ફુડ ક્યારેક પણ ન ખાવાની 'ડાહી' પ્રતિજ્ઞા લઇ લે! જો તે વ્યક્તિનું નામ 'ભીષ્મ' હોય તો તેને 'ભીષ્મ પ્રતિજ્ઞા' પણ કહી શકાય!

નિયમિત રીતે 'જંકફુડ' ખાનારાઓ વર્ષો પછી અસાધ્ય બિમારીનો શિકાર બને છે! આ હકીકત જાણનાર એક કોર્પોરેટ રેસ્ટોરન્ટના એમ.બી.એ. થયેલા એક મેનેજરના મનમાં એક વિચાર ઝળક્યો! તેણે વિચાર્યું કે 'ચાલોને આપણે આપણા બિઝનેશનું ડાઇવર્સીફીકેશન કરીએં!' આમ વિચારી તેણે પોતાના પ્રોજેક્ટને અમલમાં મૂક્યો! તેણે મલ્ટી સ્પેશીયાલીટી કોર્પોરેશન હોસ્પિટલ ઊભી કરી! તેણે રેસ્ટોરેન્ટનો બીઝનશ તો ધમધોકાર ચાલતો જ હતો અને હવે તેને કારણે જ હોસ્પિટલનો 'બિઝનેશ (!)' પણ 'હાઉસફૂલ' જવા લાગ્યો!

વર્ષોથી રેસ્ટોરન્ટના કાયમી કસ્ટમર હોય તે જ લોકો વર્ષો પછી 'પેશન્ટ' બની હોસ્પિટલમાં દાખલ થાય! આ રીતે વર્ષોનો નાતો જળવાઇ રહે!

આ જ કારણથી છેલ્લા કેટલાય વર્ષોથી આ બંને બીઝનેશ ફૂલ્યાફાલ્યા છે! પરંતુ બંનેમાં છેલ્લા કેટલાય સમયથી ગુન્હાહીત બેદરકારીના કિસ્સા અવારનવાર પ્રકાશમાં આવતા રહે છે!

કોઇવાર ભૂલકણો 'શેફ' દાળમાં 'ક્રોક્રોચ' - વાંદો - ભૂલી(!) જાય છે તો કોઇવાર ભૂલકણા ડોકટર પેશન્ટના પેટમાં 'કાતર' ભૂલી જાય છે!

તાજેતરમાં જ છત્તીસગઢનો એક કિસ્સો બહાર આવ્યો છે જેમાં અનેક મહિલાઓએ જાન ગુમાવ્યા છે. એક રીપોર્ટ પ્રમાણે સાત વર્ષથી બંધ રહેલી હોસ્પિટલમાં વર્ષો જૂની કટાઇ ગયેલા સાધનોથી ઓપરેશન કરવાને કારણે આ બનાવ બન્યો હતો!

તેથી હવે આપણા રોજબરોજના જીવન સાથે સંકળાઇ ગયેલી આવી 'ગંદકી'ને પણ સાફ કરવાની જરૂરત ઊભી થઇ છે! તો ચાલો, હાથમાં 'ઝાડુ' લઇએ અને શોધી કાઢીએ. 'નવ રત્નો'ને - આપણા મિશનમાં જોડાવા માટે!

'નવ રત્નો'માં કોર્પોરેટ રેસ્ટોરન્ટવાળાથી માંડી કોર્પોરેટ હોસ્પીટલવાળા પણ હોવા જરૂરી છે!

આ 'ગંદકી' દૂર કરવાના અભિયાનનું પ્રથમ પ્રગથિયું હશે -

'Make in Kitchen!'


ઘરમાં જ અવનવી - ચટપટી વાનગી બની શકે! આ માટે ટીવીના 'રસોઇ શો'ના શ્રીમતી પરમજીત કૌર છાબડા જેવા કોઇ કુકીંગ એક્સપર્ટ પણ ઉપયોગી બની શકે!

કોઇ મહિલાને આવી માથાકૂટ (!) માં પડવું ન હોય તો (આ લાવનારના પત્ની એ કેટેગરીમાં આવે છે!) તો તેઓ કોઇ સારા રસોઇ કરવાવાળા બહેનને પણ રાખી શકે! આ રીતે એક બહેનને રોજગારી પણ મળશે!

'Make in india' અભિયાનનો હેતુ પણ રોજગારી ઊભી કરવાનો જ છેને!

તો ચાલો, હવે પછીના રવિવારથી જ શરૂ કરી દઇએ -

'Make in Kitchen'



### વેલકમ હાસ્ય સમ્રાટ શહાબુદીનભાઈ

જેમ અમેરિકાના પ્રેસિડેન્ટ ઓબામાએ આપણા ચાણક્ય પુરુષનું અભિવાદન 'કેમ છો - પ્રાઈમ મિનિસ્ટર?' કહીને કર્યું હતું તેવી જ રીતે ચાલો આજે આપણે પણ આપણા હાસ્ય સમ્રાટનું સ્વાગત 'કેમ છો?' શહાબુદીનભાઈ? થી કરીએ!
સાથે તેમને વિનંતી પણ કરીએ કે -
'આપ હવે વનેચંદના પુત્રને પરણાવો!' એડવાન્સમાં ચાંદલારૂપે અમે 'ગાંધીનગર સમાચાર'ની કોલમ 'હળવાશની ક્ષણોમાં!' નો આજનો લેખ અર્પણ કરીએ છીએ!

# માલીકના સરનામે નોટીસ ના બજે તો પણ વેચાણ દસ્તાવેજની નોંધણી થઈ શકશે

## વાત કાનૂન કાયદાની...



- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

પાવર ઓફ એર્ટની હોલ્ડર દ્વારા વેચાણ દસ્તાવેજ લઈ સામે આવતા મૂળ માલીકો, ખેડૂતોના વાંધાઓના નિકાલ માટે મહેસુલ વિભાગે તાજેતરમાં વિવાદસ્પદ પરિપત્ર બહાર પાડેલ છે જેનાથી જૂની પાવર ઓફ એર્ટની આપનાર વ્યકિતને અન્યાય થઈ શકે છે.

પાવર અફ એર્ટની હોલ્ડર દ્વારા વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવા માટેની પ્રક્રિયા કરવામાં આવે તેવા કિસ્સાઓમાં રજીસ્ટ્રાર દ્વારા મૂળ ખેડૂતોને પાવર આપનારાઓને નોટીસની બજવણી કરવામાં આવે છે ખેડૂતોને નોટીસની બજવણી બાદ નિયત સમય મર્યાદામાં પાવર ઓફ એર્ટની સામે વાંધો રજુ કરે છે.

આ સંજોગોમાં મૂળ ખેડૂત પોતે સહિ કરી નથી તેમ કહી વાંધા રજુ કરે છે તેવા કિસ્સાઓમાં વેચાણ દસ્તાવેજની પ્રક્રિયા અટકી જાય છે તેમજ આવા વેચાણ દસ્તાવેજની રેવન્યુ રેકર્ડમાં નોંધ પાડવામાં આવતી નથી અને આવી નોંધ કાચી પડેલ હોય તો તેને પ્રમાણિત કરવામાં આવતી નથી અને ઈધારા મામલતદાર દ્વારા આવી નોંધોને તકરારી (આરટીએસ) સ્વરૂપે નિકાલ મામલતદાર દ્વારા કે રેવન્યુ રાહે કેસ ચલાવ્યા બાદ જ નિર્ણય પાત્ર બને છે .

મૂળ ખેડૂતો દ્વારા રજીસ્ટ્રાર સમક્ષ નોંધાયેલ વેચાણ દસ્તાવેજ સામે વાંધો લેવામાં આવે ત્યારબાદ રજીસ્ટ્રાર આવા વાંધા વાળા દસ્તાવેજ અને પાવર ઓફ એર્ટનીની અસલ કરારની સહિઓની ચકાસણી કરે છે જેમાં બન્ને કરારની સહિઓ એક સમાન લાગે તો જ વેચાણ દસ્તાવેજ નોંધવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

આવા પાવર ઓફ એર્ટની હોલ્ડર વેચાણ દસ્તાવેજ નોંધાવવા માટે સબ રજીસ્ટ્રાર કચેરીમાં આવે અને રજીસ્ટ્રાર મૂળ ખેડૂતને નોટીસ બજાવે પણ તે નોટીસના સરનામે મૂળ ખેડૂત મળી ના આવે અને સદર નોટીસ પરત આવે તો તેવા કિસ્સાઓમાં પણ વેચાણ દસ્તાવેજની નોંધણી કરાવી શકાશે તેવા પ્રકારનો મહેસુલ વિભાગે પરિપત્ર જારી કરતા વિવાદ થયેલ છે.

રાજય સરકારે તા. ૮-૧૦-૨૦૧૦ થી ઠરાવ કરીને ઈ-ગર્વન્સ પ્રોજેકટ હેઠળ મિલ્કતોના વેચાણ દસ્તાવેજની નોંધણી માટે રજુ થયા બાદ નોધોનું આપમેળે પ્રમાણિત થઈ જાય તે માટે ઈન્ટીગ્રેડેટ સોફ્ટવેર તૈયાર કરીને નવી પધ્ધતિ અમલમાં મુકેલ છે આ પધ્ધતિ પ્રમાણે વેચાણ દસ્તાવેજના કિસ્સામાં મૂળ ખેડૂત ખાતેદારના બદલે તેના પાવર ઓફ એર્ટની હોલ્ડર દ્વારા વેચાણ દસ્તાવેજમાં સહિ કરી નોંધાણી માટે રજુ કરવામાં આવે તો તેવા કિસ્સામાં પાવર ઓફ એર્ટની હોલ્ડરના ફોટોગ્રાફ્સ તથા મૂળ ખેડૂત ખાતેદારના ફોટોગ્રાફ્સ સાથે મેળવણું થઈ શકતું નથી અને વહીવટી મુશ્કેલીઓ ઉભી થાય છે.

સબ રજીસ્ટ્રાર દ્વારા મિલ્કતના મૂળ માલીકના કાયમી તથા હાલના સરનામે સમંતિ માટે નોટીસ મોકલવામાં આવે છે નોટીસનું કવર રજીસ્ટર પોસ્ટ એડી પરત મળે અર્થાત તે નોટીસ બજવણી થયા વિના પરત આવે તેવા કિસ્સાઓમાં પરત આવ્યાના કારણોની રેકર્ડ ઉપર નોંધ લઈ દસ્તાવેજ નોંધવા નિયમોનુસાર કાર્યવાહિ કરવાની રહે છે.

પાવર ઓફ એર્ટનીના લેખમાં ચેડા થયાની રજુઆત થાય તેવા કિસ્સામાં મૂળ ખાતેદાર દ્વારા પાવર ઓફ એર્ટનીના લેખની પ્રમાણિત નકલ રજુ કરવામાં આવ્યેથી તેનું મેળવણું કર્યા બાદ વેચાણ દસ્તાવેજ રજુ કરનાર પાવર ઓફ એર્ટની હોલ્ડર દ્વારા પાવર ઓફ એર્ટનીના દસ્તાવેજ ચેડા કરાયા છે તેવું લાગે તેવા કિસ્સામાં નોંધણીનો અસ્વીકાર કરવાની કાર્યવાહી સબ રજીસ્ટ્રાર દ્વારા હાથ ધરવામાં આવશે.

પાવર ઓફ એર્ટની હોલ્ડર દ્વારા નોંધણી માટે રજુ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજના કિસ્સામાં મૂળ ખેડૂત ખાતેદાર દ્વારા નિયત સમય મર્યાદામાં પાવર ઓફ એર્ટનીના લેખમાં મૂળ ખાતેદારની સહિનું મેળવણું કરવામાં આવે છે ત્યારબાદ બે સહિ મૂળ ખાતેદારની હોવાનું માલુમ પડે ત્યારે વેચાણના કિસ્સામાં દસ્તાવેજ નોંધણીની આગળની કાર્યવાહી સબ રજીસ્ટ્રાર કરે છે.